કેપીટલ રેલ્વે સ્ટેશનમાં સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ

શ્રાધ્ધપક્ષમાં રોજ બે હજાર લીટર દુધનો વપરાશ વધ્યો

ગાંધીનગર, તા.૨૦

અત્યારે હાલ શ્રાધ્ધપક્ષના દિવસો ચાલી રહ્યા છે જેમાં પિતૃઓની આત્મશાંતિ અને તૃપ્તિ માટે જ શ્રાધ્ધપક્ષની માન્યતા છે. આ દિવસોમાં પિતૃઓને બહુ ગમતી રસોઈ બનાવીને કાગવાસ નાંખવામાં આવે છે. કાગડાઓ આ વાસ આરોગે છે અને કાગડાઓ થકી તેઓના પિતૃઓ સુધી આ વાસ જાય છે અને પિતૃઓ તૃપ્ત થાય છે. શ્રાધ્ધપક્ષમાં ખાસ કરીને વિશેષ ખીર-પુરીનું મહત્વ હોવાથી તે કાગવાસમાં નાંખવામાં આવે છે. જયારે પરિવારના સભ્યોને તેમજ બાળકો, બ્રાહ્મણોને પણ ભોજન કરાવી પુણ્યનું ભાથું બાંધવાનો આ અનેરો અવસર છે. ત્યારે ગાંધીનગર શહેરમાં વસતા નાગરીકો પણ પિતૃતર્પણ માટે ખીર-પુરી બનાવતા શ્રાદ્ધપક્ષમાં શહેરમાં દુધના વપરાશમાં અધધ ઉછાળો જોવા મળ્યો છે. શ્રાધ્ધ પક્ષમાં સામાન્ય દિવસો કરતા નગરમાં ૨૦૦૦ લિટર દુધનો વપરાશ વધ્યો છે.જયારે નોમ અને અમાસની તિથિના દિવસે ૫ હજાર લિટર દુધ વપરાય છે.

જે કુંડળીમાં દશમ ભાવમાં સુર્ય અને રાહુ સાથે હોય તેમાં પિતૃદોષ હોવાનું મનાય છે. જો ચતુર્થભાવમાં હોય તો માતૃદોષ માનવામાં આવે છે. તૃતીય ભાવમાં ભાઈ, દ્વીતીયમાં કુંટુંબીઓનો દોષ માનવામાં આવે છે. આમ તો સુર્ય રાહુ સાથે હોય તો જ પિતૃદોષ કહેવામાં આવે છે. તેમની આત્મશાંતિ અને તૃપ્તિ માટે જ શ્રાધ્ધપક્ષની માન્યતા છે. આ શ્રાધ્ધપક્ષના દિવસોમાં તિથિ અનુસાર શ્રાધ્ધ કરવામાં આવે છે. જયારે શ્રાધ્ધ એટલે મન, વચન, તથા શ્રદ્ધાપૂર્વક પોતાના પિતૃઓની શાંતિ માટે કરવામાં આવતું શુભકાર્ય.. જે પિતૃઓ કૈલાશવાસી થયા હોય તેઓના આત્માની શાંતિ માટે આ દિવસોમાં પૂજાવિધિ શ્રાધ્ધ તેમજ તર્પણ તથા પિંડદાન કરવામાં આવે છે. જયારે શ્રાધ્ધમાં પિતૃઓની મનપસંદ રસોઈ બનાવી કાગવાસ નાંખવામાં આવે છે. જયારે સાથોસાથ ખીર-પુરીની વિશેષ મહત્વ છે. ત્યારે શ્રાધ્ધપક્ષના દિવસોમાં શહેરમાં સામાન્ય દિવસો કરતા રોજ બે હજાર લિટર દુધનો વપરાશ વધી જાય છે. સામાન્ય દિવસોમાં શહેરમાં ૧૬૦ કેન્દ્રો પર ૬૫ હજાર લીટર દુધનું વિતરણ કરવામાં આવે છે ત્યારે શ્રાધ્ધપક્ષમાં દુધનો વપરાશ વધી જાય છે. જયારે નોમ અને અમાસની તિથિમાં સૌથી વધારે ૫ હજાર લીટર દુધનો વપરાશ વધી જતા નાગરીકોને સવારથી જ કેન્દ્રો પર લાઈનો લાગે છે જયારે કેટલાક નાગરીકો એડવાન્સમાં પણ કહી જતા હોય છે. જયારે સમગ્ર શ્રાધ્ધપક્ષ દરમિયાન શહેરમાં ૪૦ હજાર લીટર દુધનો વપરાશ પિતૃઓના શ્રાદ્ધમાં વપરાય છે.

@ગાંધીનગર

● સુંદરધામ પરિવાર દ્વારા બપોરના ૩ થી ૬ કલાક દરમિયાન યુવા કથાકાર ભારતીબાપુની વ્યાસપીઠે સે-૨૨ જૈન દેરાસર પાસે તેમજ રાત્રે ૮.૩૦ કલાકે પંચોલી પરિવારના નિવાસસ્થાન ૧૫૪/૨, યોગી વીલા ફ્લેટ સરગાસણ ખાતે સુંદરકાંડ પાઠ યોજાશે.

આર.એન. પટેલ શાળાના વિદ્યાર્થીઓએ અંધશાળાની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૦

વિકલાંગ દિન નિમિત્તે શ્રીમતી આર.એન. પટેલ શાળામાંથી ધો-૫ના વિદ્યાર્થીઓ અને શિક્ષકમિત્રોએ સે-૧૬માં આવેલી અંધશાળાની મુલાકાત લીધી હતી અને યથાશકિત ફાળો પણ આપ્યો હતો. સૌ પ્રથમ પ્રજ્ઞાચક્ષુ બાળકોએ સંગીત સાથે પ્રાર્થના કરી ત્યાર પછી ઘનશ્યામભાઈ પાંડેએ આપણે પ્રજ્ઞાચક્ષુ વ્યકિતઓને કઈ રીતે મદદરૂપ થઈ શકીએ તેના વિશે ટૂંકમાં પ્રવચન આપ્યું હતું. પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓએ મેથેમેટીકસ સ્ટીક, ક્રિકેટ, ચેસ, ભાલાફેંક, ગોળાફેંક, ચક્રફેંક જેવી સ્પર્ધાઓમાં પણ પોતાની કુશળતાનું પ્રદર્શન કર્યું છે તેના વિશે માહિતી આપી હતી. અંધજનો માટે બ્રેઈલ લિપિ શરૂ કરનાર લૂઈ બ્રેઈલ વિશે માહિતી પ્રાપ્ત કરી હતી. શારિરીક ખોડ ખાંપણ ધરાવતા વ્યકિતઓ પણ હિંમત ન હારતા હેલન કેલરની જેમ પોતાના ધ્યેયને હાંસલ કરવા પોતાની ખામીને ખામી ન ગણતા દૃઢ મનોબળથી યેન કેન પ્રકારે પોતાની આંતરિક શકિતઓને ઉજાગર કરતા હોય છે. રીના નામની પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીનીએ કાવ્યનું વાંચન કરી બતાવ્યું હતું. તથા અન્ય બાળકોએ તાલબદ્ધ સંગીત પુરું પાડયું હતું. આ પ્રસંગે આર.એન. પટેલ પ્રા. શાળાની વિદ્યાર્થીનીએ નૃત્ય કર્યું હતું. આમ હળી મળીને સાંસ્કૃતિક કાર્યક્રમ ઉજવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અરૂણાબેન અને રાજુભાઈએ કર્યું હતું.

ખેલ મહાકુંભની જિલ્લા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં ગાંધીનગરની ટીમોનો ઉત્કૃષ્ઠ દેખાવ

વિવિધ કેટેગરીમાં ગાંધીનગરની કુલ છ ટીમોએ વિજેતા ક્રમાંક હાંસલ કર્યા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં ખેલ મહાકુંભ અંતર્ગત આજે જિલ્લા કક્ષાની કબડ્ડીની સ્પર્ધાઓ યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગાંધીનગર તાલુકાની ટીમોએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું હતું.

ખેલ મહાકુંભ અંતર્ગત ગાંધીનગર જિલ્લાની કબડ્ડી સ્પર્ધા આજે બે વિભાગમાં રમાઈ હતી. જેમાં મહિલા ખેલાડીઓ માટેની સ્પર્ધા ચિલોડની ઓમ લેન્ડ માર્ક સ્કૂલ ખાતે અને પુરુષ ખેલાડીઓ માટેની સ્પર્ધા ડભોડાની એચ.એમ. વિદ્યામંદિર ખાતે યોજાઈ હતી. બંને વિભાગમાં અન્ડર-૧૪ અને અન્ડર-૧૭ એમ બે કેટેગરીમાં સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં દરેક કેટેગરીમાં ચારેય તાલુકાની બે બે ટીમોએ ભાગ લીધો હતો. તમામ કેટેગરીમાં ગાંધીનગર તાલુકાની ટીમોનો દેખાવ ઉત્કૃષ્ઠ રહ્યો હતો.

ચિલોડા ખાતે રમાયેલ બહેનો માટેની સ્પર્ધામાં અન્ડર-૧૪ કેટેગરીમાં પ્રથમ ક્રમે દહેગામ, દ્વિતિય ક્રમે ગાંધીનગર તથા તૃતીયક્રમે માણસા તાલુકાની ટીમો વિજેતા બની હતી. જયારે અન્ડર-૧૭ કેટેગરીમાં પ્રથમ ક્રમે દહેગામ, દ્વિતિય ક્રમે માણસા અને તૃતીય ક્રમે ગાંધીનગરની ટીમો વિજેતા બની હતી. પુરુષ વિભાગમાં ડભોડા ખાતે રમાયેલ સ્પર્ધામાં અન્ડર-૧૪ કેટેગરીમાં પ્રથમ ક્રમે માણસા, દ્વિતિય અને તૃતીય ક્રમે ગાંધીનગર તાલુકાની બંને ટીમો અનુક્રમે વિજેતા બની હતી જયારે અન્ડર-૧૭ કેટેગરીમાં પ્રથમ અને દ્વિતિય ક્રમે ગાંધીનગર તાલુકાની ટીમો અને તૃતીય ક્રમે દહેગામ તાલુકાની ટીમ વિજેતા બની હતી. આમ ગાંધીનગર તાલુકાની કુલ ૬ ટીમોએ વિવિધ કેટેગરીમાં વિજેતા ક્રમ હાંસલ કર્યો હતો જયારે દહેગામ અને માણસા તાલુકાની ત્રણ ત્રણ ટીમોએ વિજેતા ક્રમાંક મેળવ્યા હતા. કલોલ તાલુકાની એક પણ ટીમ વિજેતા ક્રમાંક મેળવી શકી નહોતી.

ધો-૧૧ સાયન્સમાં ભણતો વિદ્યાર્થી ઘર છોડીને જતો રહ્યો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેર નજીક રાંદેસણ ગામના એક ફ્લેટમાં રહેતો ધો-૧૧ સાયન્સમાં ભણતો વિદ્યાર્થી ગઈ કાલે વહેલી સવારે એક ચિઠી લખીને ઘર છોડીને જતો રહ્યો હતો. પિતાએ પોલીસને જાણ કરતા મોબાઈલ લોકેશનને આધારે પોલીસે કિશોરને અમદાવાદથી શોધી કાઢ્યો હતો. સાયકલ લઈને અમદાવાદ જોધપુર પાસે પહોંચી ગયેલા કિશોરને શોધી કાઢીને પોલીસ સમજાવીને તેને ઘરે લઈ આવી હતી. દિકરો મળી જતા પરિવારજનોએ પણ હાંશકારો અનુભવ્યો હતો.

રાંદેસણ ગામની સીમમાં સ્થિત એક ફ્લેટમાં રહેતો અને શહેરની જ એક શાળામાં ધોરણ ૧૧ સાયન્સમાં અભ્યાસ કરતો મહત્વકાંક્ષી વિદ્યાર્થી ગઈ કાલે સવારે પોતાનુ ઘર છોડીને ચાલ્યો ગયો હતો. પિતાએ તેના રૂમમાં જોયુ તો એક ચિઠ્ઠી મળી આવી હતી. તેમાં લખેલુ હતુ કે 'મારા પપ્પા મને સમજી શકતા નથી. સાયન્સનાં વિદ્યાર્થીઓએ ઘરમાં જ રહેવુ જોઈએ, મને આઝાદી મળતી નથી, સારા માર્ક્સ લાવી શકતો નથી પણ મારે કાંઈક કરી બતાવવુ છે.' આવુ લખાણ લખેલી ચિઠી મળતા પરિવારજનો ચિંતિત થઈ ગયા હતા. ઈન્ફોસિટી પોલીસને ગુમ દિકરા અંગે પિતાએ જાણ કરતા પોલીસે આ બાબતને ગંભીરતાથી લઈને શોધખોળ શરૂ કરી હતી. તે મોબાઈલ લઈને ગયો હતો પણ મોબાઈલ બંધ-ચાલુ કરતો હતો. અંતે મોબાઈલ લોકેશનને આધારે કિશોર સુધી પહોચવામાં પોલીસને રાત્રે સાડા દશ વાગ્યે સફળતા મળી હતી. અમદાવાદનાં જોધપુર ગામેથી તેને શોધીને પોલીસ શાંતીથી તેને સમજાવીને ગાંધીનગર લઈ આવી હતી. તે સાયકલ લઈને અમદાવાદ ગયો હતો અને બપોરે એક મોલમાં જઈને જીન્સ પેંટ પણ ખરીદી કર્યા હતા. ઘરેથી પાંચેક હજાર રૂપિયા લઈને તે નિકળ્યો હતો. દિકરો બપોરે ખરીદી કરતો હતો તો બીજી તરફ તેના આ પ્રકારે ઘર છોડીને ચાલ્યા જવાના કૃત્યથી પિતા સહિત પરિવારનાં સભ્યો દિવસભર ભુખ્યા ને તરસ્યા ફરીને તેને શોધી રહ્યા હતા. આખરે તે મળી જતા પરિવારજનોએ રાહતનો દમ લીધો હતો.

વાતવાતમાં

● ગાંધીનગરની સેંટ ઝેવિયર્સ સ્કુલમાં બાસ્કેટબોલની પ્રેકટીશ કરી રહેલા વીર આહિર નામના વિદ્યાર્થીને ગોલ કરવા જતા ગોલપોસ્ટ પરનો હુક હાથે ભરાઈ જતા તેનો હાથ ચીરાઈ ગયો હતો. આ ખેલાડીને હાથે ૬૦ ટાંકા આવ્યા હતા.

● ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં એક જ રેડિયોલોજીસ્ટ ડોકટર હોવાથી કામનું ભારણ વધુ રહેતું હોવાના કારણે તેમની સેવાઓ કથળી હોવાની રાવ ઉઠવા પામી છે. અન્ય વિભાગના તબીબોને રેડિયોલોજીસ્ટના રિપોર્ટ આધારે સારવાર નિદાન કરવાનું હોઈ આ તબીબો તેમનાથી ખફા થઈ રહ્યા છે.

● જમ્મુ-કાશ્મીરના ઉરી ખાતે થયેલા ત્રાસવાદી હુમલામાં શહીદ થયેલા ૧૭ જવાનોના માનમાં ગુરુવારે ભારત બંધના એલાનના મેસેજ સોશિયલ મિડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. જો કે આ બંધનું એલાન કોના તરફથી અપાયું છે તે આ મેસેજમાં સ્પષ્ટ નથી કરાયું.

પી.કે. ચૌધરી કોલેજમાં સામાન્ય જ્ઞાનની બુધ્ધિ કસોટી યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે ઉદીશા અને પ્લેસમેન્ટ સેલ દ્વારા તાજેતરમાં સામાન્ય જ્ઞાન બુધ્ધિ કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચૌધરી કોલેજની ૧૧૬ વિદ્યાર્થીનીએ ભાગ લીધો હતો. કસોટીમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને પ્રથમ ૧૦૦ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. વિકાસ વર્તુળ ટ્રસ્ટ ભાવનગર દ્વારા સામાન્ય જ્ઞાન બુધ્ધિ કસોટીનું આયોજન રાજયની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ અને કોલેજના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં કોલેજ ઉદીશા અને પ્લેસમેન્ટ સેલના ડૉ. નરેન્દ્ર ડે. પટેલ અને પ્રા. સોનલબેન મોદી ઉપસ્થિત રહ્યા હતા. કસોટીના આયોજન માટે કોલેજના આચાર્યા ડૉ. ઉમાબેન ચૌધરીએ પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરું પાડયું હતું.

નાના બાળકોની કુતુહલતા એ જ તેમની સૌથી મોટી મુડી હોય છે. આ કુતુહલતા વશ જ તેઓ નવી નવી ચીજવસ્તુઓ ખૂબ જ સહજ રીતે શીખી લે છે. અત્યારના યુગમાં પ્રિ પ્રાયમરી સ્કૂલનું મહત્વ ખૂબ જ વધી ગયું છે. આ શાળાઓમાં બાળકની કુતુહલતાને આધારિત વિવિધ માધ્યમો દ્વારા સામાન્ય જ્ઞાન આપવામાં આવતું હોય છે. શહેરની આવી જ એક પ્રિ પ્રાયમરી સ્કૂલ રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલના ભૂલકાઓને સેકટર-૨૮માં એક જાણીતી કાર કંપનીના શો રૂમની તથા સે-૧૭માં ફાયર સ્ટેશનની મુલાકાત કરાવાઈ હતી. કારના શોરૂમમાં બાળકો અવનવી કાર્સના લેટેસ્ટ મોડેલ જોઈ રોમાંચિત થયા હતા તો ફાયર સ્ટેશનમાં તેમણે આગ લાગવા સમયે ઉપયોગમાં લેવાતા ઉપકરણો નિહાળ્યા હતા અને સલામતીના માપદંડો વિશે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

એમ.બી. પટેલ શાળામાં કેન્સર જાગૃતિ અભિયાન અંતર્ગત વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

એમ.બી. પટેલ ઈંગ્લીશ માધ્યમ શાળા ખાતે આયુષ સંસ્થા દ્વારા કેન્સર જાગૃતિ અભિયાન અંતર્ગત વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તંદુરસ્ત જીવનશૈલી અને કેન્સર વિશેની પ્રાથમિક માહિતી અને ઉપાય અંગેની જાણકારી આપવામાં આવી હતી. આ વર્કશોપ દરમિયાન વિદ્યાર્થીઓને અજ્ઞાન એ જ શારિરીક અને માનસિક એવી સર્વ પ્રકારની તકલીફોનું મૂળ કારણ છે તેમ સમજાવી તેની વૈજ્ઞાનિક ઢબે માહિતી આપી હતી તથા વિદ્યાર્થીઓને અને વિદ્યાર્થીનીઓને શારિરીક ભાગોમાં થતા કેન્સર અને તેની સાવચેતીના પગલા રૂપે કેવી તકેદારી રાખવી જોઈએ તેની પણ મૌખિક અને ટેલિ ફિલ્મ દ્વારા સચોટ માહિતી પુરી પાડવામાં આવી હતી. શાળાના તમામ વિદ્યાર્થીઓને નિરોગી રહેવાની જડીબુટ્ટી સમજાવવામાં આવી હતી તેમજ જીવનશૈલીમાં આવશ્યક ફેરફારો કરવા માટેનું સચોટ માર્ગદર્શન પણ આયુષ સંસ્થાએ આપ્યું હતું.

બી.બી.એ કોલેજ દ્વારા ડાયનેમીકસ ઓફ કેપિટલ માર્કેટ ઈન ઈન્ડિયા વિષય પર ત્રીદિવસીય વર્કશોપ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરની કડી સર્વવિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) દ્વારા ડાયનેમીક્સ ઓફ કેપિટલ માર્કેટ ઈન ઇન્ડિયા વિષય પર ત્રીદિવસીય વર્કશોપ નું આયોજન થયું.

વર્કશોપનાં પ્રથમ દિવસે બી.બી.એ સેમેસ્ટર- ૧નાં ૨૬૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમ નાં ભાગરૂપે ભણતા ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ વિષયની પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી જેમાં ભારતીય અર્થતંત્રની ફાઈનાન્સિયલ સીસ્ટમમાં કેપિટલ માર્કેટ તેમજ મની માર્કેટનું કેવું મહત્વપૂર્ણ યોગદાન છે તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. પ્રથમ વર્ષ નાં વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સાથે આવા અર્થસભર વર્કશોપથી મેનેજમેન્ટ તેમજ આર્થિક બાબતોમાં રૂચી વધે છે તે હેતુ વર્કશોપનો હતો.

સીરીઝનાં બીજા દિવસે બી.બી.એ કોલેજનાં દ્વિતીય વર્ષનાં ૨૫૨ વિદ્યાર્થીઓ વર્કશોપમાં ભાગ લીધો હતો. જેઓને ફાઈનાન્સિયલ માર્કેટનાં કાર્યો સિદ્ધાંતો સાથે સાથે આર.બી.આઈ.નો રોલ માર્કેટની સાતત્ય પૂર્ણ કાર્ય પદ્ધતિથી ભારતીય અર્થતંત્ર પર આવતી અસરો તેમજ સ્ટોક માર્કેટ વિષેની સંપૂર્ણ માહિતી પ્રદાન કરવામાં આવી હતી.

વર્કશોપનાં અંતિમ દિવસે બી.બી.એ કોલેજના તૃતીય વર્ષનાં ૨૬૦ વિદ્યાર્થીઓ વર્કશોપમાં ભાગ લેવા ઉપસ્થિત રહ્યા તેમજ તેઓને સ્ટોક માર્કેટ, મનીમાર્કેટ તેમજ સરક્યુલર ફલો ઓફ મની પર વિસ્તૃત ચર્ચા કરવા માં આવી હતી.

આઈસીઆઈસીઆઈ ડાયરેક્ટ તરફથી માર્કેટિંગ ઝોનલ હેડ ઝંખના શ્રીવાસ્તવ દ્વારા ત્રણ દિવસ સુધી ૧૧.૦૦ વાગ્યા થી ૧.૦૦ વાગ્યા સુધી વિદ્યાર્થીઓને ખુબ અસરકારક રીતે ફાઈનાન્સ મેનેજમેન્ટ, કેપિટલ માર્કેટ અને સ્ટોક માર્કેટની ખુબ ઊંડાણ પૂર્વક સમજ આપવામાં આવી હતી. તેમણે વિદ્યાર્થીઓને સ્ટોક માર્કેટ ની "સ્ટોક માઈન્ડ" સ્પર્ધા માં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. તેમજ તેઓએ વિદ્યાર્થીઓને લોગીન કેવી રીતે કરવું તેમજ ઓન લાઈન ટ્રેડીંગ કેવી રીતે થાય તેની તલસ્પર્શી માહિતી આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ત્રણ વર્ષથી બીબીએ કૉલેજ નાં વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ખૂબ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યા છે. જેમાં જય સુથાર રાષ્ટ્રીય સ્તરે દ્વિતીય તેમજ નિખિલ ચૌહાણ રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી ચૂક્યા છે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજનાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ નાં હેડ ડો. જયેશ તન્ના દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ ત્રણે દિવસે કોલેજના અધ્યાપક અનુક્રમે આશિષ ભુવા, પ્રજ્ઞેશ નવલખા તેમજ માર્ગી દેસાઈ એ વર્કશોપ નાં સંચાલનમાં પોતાનું યોગદાન આપ્યું હતું.

આ વર્કશોપમાં વિદ્યાર્થીઓ નો ફીડબેક લેવામાં આવતા વિદ્યાર્થીઓ એ જણાવ્યું હતું કે તેઓને વર્કશોપ દ્વારા ફાઈનાન્સ વિષયનું ખુબ ઊંડાણ પૂર્વક પ્રાયોગિક જ્ઞાન મળ્યું હતું જે તેઓ ને તેમની વ્યવસાયિક કારકિર્દી માં ઉપયોગી સાબિત થશે. ત્રણે દિવસ વિદ્યાર્થીઓ ટીચિંગ તેમજ નોન ટીચિંગ સ્ટાફ નો સહકાર કાર્યક્રમની સફળતા માટે સાંપડયો હતો.

દૂધ વાપરનારાઓની સહકારી મંડળની ૪૧મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડની ૪૧મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં મંડળીના ચેરમેન એ સ્વાગત પ્રવચનમાં મંડળીના વિકાસ અને પ્રગતિથી સભાસદોને માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત સંસ્થાએ ગત ૨ એપ્રિલના રોજથી ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડેરશન સાથે જોડાઈને સમગ્ર ગાંધીનગર શહેરમાં અમુલ બ્રાન્ડથી દુધ અને દૂધની બનાવટોનું વિતરણ કાર્ય શરુ કર્યું હોવાથી તેમજ તેના કારણે મંડળીને થયેલ આર્થિક લાભાલાભોની વિગતવાર માહિતી પણ સભાસદોને આપી હતી. આ સાધારણ સભા મંડળીના પ્રમુખ દિલિપસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

મંડળીના મેનેજીંગ ડીરેકટર રાજેશ પંચોલીએ એજન્ડા પ્રમાણેની કાર્યવાહી હાથ ધરી હતી જયારે જોઈન્ટ મેનેજીંગ ડીરેકટર ચંદ્રસિંહ વાઘેલાએ આભારવિધિ કરી હતી. સમગ્ર સભાનું સંચાલન મંડળીના જનરલ મેનજેર નરહરદાન ગઢવીએ કર્યું હતું. સભામાં મંડળીના જાગૃત સભાસદો પ્રદિપસિંહ બિહોલા અને શિવદાન ગઢવીએ મંડળીની કામગીરીને બિરદાવી પારદર્શક વહીવટ માટે વ્યવસ્થાપક કમીટીની આખી ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

કેપીટલ રેલ્વે સ્ટેશનમાં સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૨૦

સફાઈ ઝુંબેશ સપ્તાહ અંતર્ગત શહેર વસાહત મહામંડળ, મહાનગરપાલિકા તથા રેલવે વિભાગના સહકારથી ગાંધીનગરના રેલવે સ્ટેશનમાં પ્લેટફોર્મ સહિત સમગ્ર વિસ્તારની સફાઈ કરવામાં આવી હતી. જેમાં વેસ્ટર્ન રેલ્વેના અમદાવાદ ડિવિઝનના આસી. કમર્શીયલ મેનેજર એચ.એમ. પરમાર, સ્ટેશન મેનેજર પ્રમોદકુમાર કઠીરીયા જોડાયા હતા.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા સપ્તાહ દરમિયાન અનેક સ્થળ પર રૂબરૂ સફાઈ ઝુંબેશમાં સહભાગી થવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં અરુણ બુચ, મયુરભાઈ વ્યાસ, ચંદ્રકાત જોષી, ભાનુભાઈ દવે, સુનીલ શાહ અને સીતારામ પટેલ દ્વારા સંકલન કરવામાં આવે છે. સે-૧૩ અને ૧૪ વસાહત મંડળના પ્રતિનિધિઓ રેવાભાઈ, મહેન્દ્રભાઈ ચૌહાણ અને બી.આર. પોરીયાએ વ્યવસ્થા ગોઠવી હતી. આ સફાઈ ઝુંબેશમાં રેલવે પોલીસના નારણભાઈ તથા આર.પી.એ.ના યાદવભાઈ પણ સહભાગી થયા હતા.

મહાનગરપાલિકાના સફાઈ કામદારોએ પણ ઝુંબેશમાં યોગદાન આપ્યું હતું. તેમજ રેલવે કોલોનીમાં એક વધારાની કચરાપેટી મુકવા સ્થાનિક રહેવાસીઓએ માંગણી કરી સ્વચ્છતાના ધોરણે સહકાર આપવાની ખાત્રી પણ આપી હતી.

ચિરવિદાય

- સ્વ. ઠાકોર સોમાજી જુગાજી, ઉ.વ. ૮૦
- સ્વ. ઠાકોર રામાજી ચતુરજી, ઉ.વ. ૬૨
- સ્વ. કંકુબેન હિરાભાઈ ચૌહાણ, ઉ.વ. ૭૫